જાન્યુઆરી ૨૦૧૭

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ટીમવર્ક



**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૯, અંક : ૫
સળંગ અંક : ૧૦૧
**જાન્યુઆરી ૨૦૧૭**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# સંપાદકીય

## બાળમિત્રો,

પહેલાંના જમાનામાં એકહથ્થુ શાસન ચાલતું હતું. જ્યારે આજે ટીમવર્કનો ટ્રેન્ડ ચાલે છે. કોઈ એક પ્રોજેક્ટ પર બધા ભેગા મળીને કામ કરવું, એનું નામ ટીમવર્ક. ટીમવર્કના ઘણા ઘણા ફાયદા છે. જો કે તમને પણ એનો અનુભવ તો હશે જ.

મહાન તત્વચિંતક એન્ડ્રયુ કાર્નેગી ટીમવર્ક વિષે કહે છે કે ટીમવર્ક એક એવી શક્તિ છે, જે સાધારણ માણસોને અસાધારણ પરિણામો હાંસલ કરાવી આપે છે.

તો આવો, આજે આ શક્તિને જ્ઞાનીઓની ભાષામાં સમજીએ. અને આપણે પણ આપણાટીમવર્કને વધારે મોટું બનાવીએ.

-ડીમ્પલ મહેતા

# ટીમવર્ક



**અક્રમ એક્સપ્રેસ**



# જ્ઞાનીઓ કહે છે...

ટીમ એક યુનિટ, એક બોડીની જેમ રહેવું છે આપણે. બોડીમાં જુદા જુદા અંગો છે પણ તેઓ એક અંગની જેમ રહે છે, કામ કરે છે.

ડાબો હાથ પૂજામાં કોઈ દિવસ બિચારો આગળ ન હોય. ડાબા હાથે કોઈ પૂજા કરે ? કેટલાંક ડાબોડિયા હોય એ કરે. પણ ઘણાં ખરાં ડાબા હાથે થાળી પકડે અને જમણાં હાથે પૂજા કરે. તો કોઈ દહાડો ડાબા હાથનો કકળાટ ના હોય કે બસ તને જ લાભ મળે છે, હું રહી ગયો. એવું શું કરે છે. એ ચૂપચાપ જમણા હાથને ટેકો જ આપે.

બ્રેઈન કહે કે મારે લીધે તમે બધા ચાલો છો, હાર્ટ કહે છે કે હું છું તો આ દેહ ચાલે છે, એવું કશુંય નહીં. કોઈ સર્વોપરી નહીં, કોઈ અંડરહેન્ડ નહીં. દરેક નાનામાં નાની આંગળીની પણ એટલી જરૂરિયાત છે, જેટલી મોટા માથાની જરૂરિયાત છે. બધા અંગો છે. હાર્ટ છે, કિડનિ છે, લિવર છે બધા પાર્ટસ છે તો શરીર છે. બધાની જરૂર છે. એટલે આ બધાં અંગ હોવા જોઈએ.

પણ ક્યારેય કોઈની બૂમાબૂમ નહીં કે હું આખા શરીરમાં વધુ અને મહત્વનું કામ કરું છું માટે હું મોટો છું. અને અહીંયા... હું ચીફ છું, આ જૂનો છે અને આ નવો છે, અરે બધું હોતું હશે ? એવું કરાતું હશે ?

આ ક્રિકેટની ટીમમાં કેપ્ટન એવું કહે કે હું જીત્યો ? કે અમારી ટીમ જીતી કહેવાય ? આણે કેચ સારો પકડ્યો, એણે બોલિંગ સારી કરી, આણે બેટિંગ સારી કરી, આણે ફિલ્ડિંગ સારી કરી. ટીમવર્ક સરસ થયું તેથી અમારી ટીમ જીતી. આવું હોવું જોઈએ. જુદાઈ ના હોવી જોઈએ.





એક થાંભલાના આધારે તંબુ ઊભો ના રહે. કેટલા બધા થાંભલા, થાંભલીઓ, ખૂંટીઓ જોઈએ. એ આપણે લક્ષમાં રાખીએને બધાના આધાર વગર આ નહીં થાય.




ટીમ લીડર એનું નામ કહેવાય કે જે ટીમમાં કોઈ નબળું હોય તો એવો પાવર ભરે કે એ ઊંચો આવી જાય. કહે કે, "કશો વાંધો નહીં. ટીમમાં હું પણ ઝીરોમાં આઉટ થઉં છું ને તું શું કરવા ડરે છે ? પણ તું નક્કી કર કે બીજી વખતે સરસ રમીશું આપણે. થાય, ગેમ છે. ફેઈલ થાય, કશી ચિંતા ના કરીશ". એટલે આવું કંઈક હિંમત આપે.



ટીમ લીડરને પણ ખ્યાલમાં જ હોય કે હું કંઈ ઓનર નથી. અને હું કંઈ બધું એકલો જ કરવાવાળો નથી. બધા મદદમાં છે તો થાય છે.

# આ તો નવી જ વાત !



આમાં ભૂલ ક્યાં થાય છે કે જો આપણે એમ જ જોયા કરીએ કે આને આગળ કરે છે અને મને તો કોઈ ઈમ્પોર્ટન્સ મૂકતા જ નથી. હું ગમે એટલું સારું કરું તો પણ વખાણ તો બધા આના જ કરે છે. આખો દિવસ જો આવો પક્ષપાત જોયા કરે તો બધાનું મન બગડી જાય.




# ટુગેધર એવરીવન એચીવ્સ મોર

"આ વર્ષનો બેસ્ટ પરફોર્મન્સનો એવોર્ડ જાય છે....." સ્ટેજ પરથી હોસ્ટે જાહેર કર્યું. આખા સમારંભમાં થોડી ક્ષણો માટે સન્નાટો છવાઈ ગયો. દેશભરની પ્રતિષ્ઠિત કંપનીઓ આ સમારંભમાં જોડાઈ હતી. કોર્પોરેટ જગત માટે આ એવોર્ડ ખૂબ જ મહત્વનો ગણવામાં આવતો.

"રેડવુડ પ્રાઈવેટ લિમિટેડ" સસ્પેન્સની થોડી ક્ષણો બાદ, હોસ્ટે જાહેર કર્યું.

તાળીઓના ગડગડાટ સાથે હોસ્ટે, રેડવુડ કંપનીની ટીમને સ્ટેજ પર આમંત્રિત કરી. થોડા વર્ષો પહેલા રેડવુડ કંપનીનું નામ અજાણ્યું હતું. ખૂબ જ નાના અરસામાં રેડવુડ કંપનીએ અદ્‌ભૂત સફળતા મેળવીને દેશભરમાં પોતાનું નામ જમાવ્યું હતું.

મુબારકબાદ આપતા હોસ્ટે કંપનીના ટીમ લીડર આનંદ શેઠના હાથમાં ટ્રોફી ધરી, "કોન્ગ્રેચ્યુલેશન મિસ્ટર શેઠ. રેડવુડ કંપનીએ તો કોર્પોરેટ જગતમાં ડંકો વગાડી દીધો છે. પણ સર, ઘણા વખતથી આ પ્રશ્ન મારા મગજમાં આવે છે કે કંપનીનું નામ 'રેડવુડ' શા માટે?"

આનંદે માઈક હાથમાં લીધું. મોઢાં પર સ્મિત સાથે બધાનો આભાર માન્યો, "અમારી આખી ટીમ તરફથી આપ સહુનો ખૂબ ખૂબ આભાર." હોસ્ટ સામે જોઈને આનંદે કહ્યું, "સર, સાચું કહું તો અમારી કંપનીનો સફળતાનો મંત્ર જ 'રેડવુડ' છે, અને તેથી જ તો કંપનીનું નામ રેડવુડ છે."

"મિસ્ટર શેઠ, તમે તો અમને ગૂંચવી રહ્યા છો," હોસ્ટે હસતા હસતા ટકોર કરી.

આનંદ સહેજ મલકાયો અને પૂછ્યું, "સર, શું તમે કેલીફોર્નિયામાં આવેલા રેડવુડ ફોરેસ્ટથી પરિચિત છો?"

"નામ સાંભળેલું છે, પણ બીજી કશી માહિતી નથી."

"કેલીફોર્નિયામાં આવેલા રેડવુડ વૃક્ષો દુનિયાના સૌથી ઊંચા વૃક્ષો ગણાય છે. આ વૃક્ષોનું આયુષ્ય લગભગ ૨૦૦૦ વર્ષનું હોય છે અને એમની ઊંચાઈ લગભગ ૩૫૦ ફીટની હોય છે. હવે બોલો, આવા વિશાળ વૃક્ષોના મૂળિયાં કેવા હશે? શું શ્રોતાગણમાંથી કોઈ આ પ્રશ્નનો જવાબ આપશે?"

આગલી હરોળમાં બેઠેલા એક વ્યક્તિએ કહ્યું, "બહુ જ ઊંડા"

આનંદે માથું ધુણાવ્યું અને કહ્યું, "સામાન્ય રીતે આપણે એવું જ વિચારીએ, પણ ખરી રીતે આ વૃક્ષોના મૂળિયાં ખૂબ જ છીછરા હોય છે. એના મૂળિયા જમીનની અંદર, એકબીજા સાથે વીંટળાઈને, એકબીજાને ટેકો આપે છે અને વૃક્ષોને રક્ષણ આપે છે."

શ્રોતાઓ આનંદની વાત ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

"કંપનીનું નામ 'રેડવુડ' એટલા માટે છે કે રેડવુડ વૃક્ષોની જેમ, અમારી કંપનીનો ધ્યેય પણ ખૂબ ઊંચે ચઢવાનો છે. જેમ વૃક્ષોના મૂળિયા એકબીજાના ટેકાથી, વૃક્ષોને આંધી અને તોફાન સામે રક્ષણ આપે છે, તેમ અમારી કંપનીના મૂળિયા, એટલે કે કંપનીના ટીમ મેમ્બર્સે પણ એકબીજાના પુરક બનીને કોમ્પિટીશનનો સામનો કર્યો અને સફળતા મેળવી."



શ્રોતાઓએ તાળીઓ સાથે આનંદના જવાબને વધાવ્યો. તાળીઓ શમી એટલે એમાંથી એક વ્યકિતએ પૂછ્યું, "પણ આવી સફળતા મેળવવા માટે દરેક ટીમ મેમ્બરની કોઈ વિશિષ્ટ આવડત હોવી જરૂરી છે ને ?"

સ્ટેજ પર ઉપસ્થિત પોતાના અન્ય ટીમ મેમ્બર વિશાલને માઈક ધરીને આનંદને કહ્યું, "વિશાલ, તું આ પ્રશ્નનો જવાબ આપ."

વિશાલે માઈક હાથમાં લીધું અને કહ્યું, "સર, તમારા આ પ્રશ્નથી મને એક વાત યાદ આવી. લગભગ, વીસ વર્ષ જૂની આ વાત છે. પણ મારા હૃદયમાં આજે પણ તાજી છે. તે દિવસે બાસ્કેટ બોલ ટીમનું સિલેક્શન થવાનું હતું. મારા ફ્રેન્ડ સાથે હુ  શાંતિથી એક ખૂણામાં બેઠો હતો. ટીમમાં સિલેક્ટ થવાની અમને કોઈ આશા નહોતી. પણ અમારા આશ્ચર્ય વચ્ચે કોચે અમને ટીમમાં સિલેક્ટ કર્યા. સામી ટીમના મેમ્બરો ખૂબ જ સ્ટ્રોંગ હોવા છતાંય, જ્યારે અમારું સિલેક્શન થયું, ત્યારે અમને ખૂબ નવાઈ લાગી. મારા એક મિત્રે કોચને પૂછ્યું કે આવા કુશળ પ્લેયર્સનો સામનો અમે કેવી રીતે કરશું ? અને કોચનો જવાબ હું આજ દિન સુધી નથી ભૂલ્યો."

જાણે કે એ પ્રસંગની વિડીયો ફિલ્મ વિશાલની આંખો સમક્ષ ચાલી રહી હોય, તેમ એ પ્રસંગનું આબેહૂબ વર્ણન એ કરી રહ્યો હતો.

"કોચનો જવાબ હતો - ટીમ સ્પીરીટથી. સામી ટીમનો દરેક પ્લેયર ભલે કુશળ છે, પણ એ ટીમમાં, ટીમવર્કની ખામી છે. ટીમવર્કમાં બહુ તાકાત છે. ટીમનો મતલબ છે"

**ટી - ટુગેધર, ઈ - એવરીવન, એ - અચીવ્સ, એમ - મોર. ( T - Together, E - Everyone, A - Achieves, M- More )**


એમ કહી કોચે અમને એક ઉદાહરણ આપ્યું. એક દિવસ એક નગરમાં ઘોડાઓની સ્પર્ધા યોજવામાં આવી. જે સૌથી વધારે વજન ઊંચકે, તે ઘોડો વિજેતા બને. વિજેતા ઘોડાએ ૪૦૦૦ પાઉન્ડ વજન ઊંચક્યું, અને બીજા નંબર પર આવનાર ઘોડાએ ૩૫૦૦ પાઉન્ડ ઊંચક્યું. બંને ઘોડા સાથે મળીને કેટલું વજન ઊંચકી શકે એની તપાસ થઈ. બંને ઘોડાઓને જોડી દેવામાં આવ્યા. આ બે ઘોડાઓના ટીમે સાથે મળીને ૧૨,૦૦૦ પાઉન્ડ વજન ઊંચક્યું ! મતલબ કે એકલા ઊંચકી શકે, એના કરતા ૩૫૦૦ પાઉન્ડ વધુ.

મને યાદ નથી કે તે દિવસે બાસ્કેટ બોલની ગેમમાં, અમારી ટીમની હાર થઈ કે જીત, પણ કોચે કહેલી વાતથી મને ટીમવર્કનો પાવર સમજાઈ ગયો.

સર, એટલે દરેક ટીમ મેમ્બરમાં એટલી જ વિશિષ્ટતાની જરૂર છે કે દરેક મેમ્બર એક ટીમ પ્લેયર હોય કારણ કે ટુગેધર.....

"એવરીવન એચીવ્સ મોર!" શ્રોતાઓએ વિશાલનું વાક્ય પૂરું કર્યું. અને તાળીઓના ગડગડાટથી આખો સભાગૃહ ગાજી ઉઠ્યો.





તે દિવસે અવિનાશ ખૂબ ગુસ્સામા હતો. દફતર સોફા પર ફેંક્યું અને મોઢું લટકાવીને બેસી ગયો.

"શું થયું અવી બેટા ? આટલો બધો ગુસ્સો ?" મમ્મીએ ફટાફટ પોતાનું કામ પતાવ્યું અને અવી પાસે આવીને બેઠી.

"શું થયું ?" અવી ગુસ્સામાં બોલ્યો, "અમારા ટીમ-પ્રોજેક્ટનું હવે કશું નહીં થાય. મારી ટીમમાં કોઈ મારું સાંભળતું જ નથી. સ્ટોરી - રાઈટિંગ પ્રોજેક્ટ માટે ટીચરે ટીમ્સ બનાવી છે. મારી ટીમનો સ્ટોરી રાઈટર હું છું, તો બધાએ મારી વાત સાંભળવી જોઈએને ? તશ્વી કહે છે કે મારા આઈડ્યાસ એને સમજમાં નથી આવતા. પણ એને સમજવું પડે ? એને તો ખાલી ડ્રોઈંગ કરતા આવડે છે. અને પેલી રિયા, એને એક્ટિંગ સિવાય બીજું કશું નથી આવડતું ! અને તો પણ એની એટલી હિંમત કે એ મને કહી શકે કે મારી સ્ટોરીમાં કોઈ ફિલિંગ્સ નથી. અને પેલો બબુચક પ્રેમ કહે છે કે મારી સ્ટોરીમાં વેલ્યુસ નથી. હવે એ બબુચકને સ્ટોરી રાઈટિંગ વિષે શું સમજણ ? ખાલી સમાજ સેવા કરતા આવડે છે એને ! એન્યુઅલ ફંક્શનના દિવસે અમારે પ્રોજેક્ટ પ્રેઝન્ટ કરવાનો છે. અને અમારી હાલત તો જો ! કોઈ મારું સાંભળવા તૈયાર નથી. એમના કારણે મને ખરાબ ગ્રેડ મળશે !"

અવી ગુસ્સામાં નોન-સ્ટોપ બોલી રહ્યો હતો.

મમ્મી કિચનમાંથી એક દૂધનો ગ્લાસ અને થોડો નાસ્તો લઈ આવી, "બેટા, થોડો નાસ્તો કરી લે. પછી આપણે વાત કરીએ."

અવી થોડો શાંત પડ્યો, એટલે મમ્મીએ પૂછ્યું, "અવી, તને ચોકલેટ ભાવે ?"

"મમ્મી, ચોકલેટ કોને ના ભાવે? તું તો જાણે છે, આઈ લવ ચોકલેટ !"

"હા, દિકરા, મને ખબર છે કે ચોકલેટ તને ખૂબ જ પ્રિય છે," મમ્મીએ પ્રેમથી અવીના માથે હાથ ફેરવ્યો, "શું તું જાણે છે કે ચોકલેટ કેટલી વસ્તુઓથી બને છે ?"

"ના," અવીને જાણે મમ્મીની વાતમાં કોઈ રસ ના હોય, તેમ એને ટૂંકો ટચ જવાબ આપ્યો.

"કોકો, દૂધ, ખાંડ અને એવી ઘણી બધી વસ્તુઓના મિશ્રણથી તારી પ્રિય ચોકલેટ બને છે. હવે, કોકો તો સ્વાદમાં ખૂબ કડવો હોય. પણ જ્યારે દૂધ અને ખાંડ સાથે ભળે, ત્યારે એનો સ્વાદ કેવો સરસ આવે છે ! દિકરા, જેમ ચોકલેટમાં રહેલા દરેક પદાર્થની એક ફ્લેવર હોય, અને એક બીજા સાથે ભળીને આવો સરસ ટેસ્ટ આવે, એમ દરેક વ્યક્તિમાં પોતાનો એક અનેરો ગુણ હોય અને એ ગુણોનો જો સુમેળ થાય તો સુંદર રીઝલ્ટ આવે. અવી, જેમ તું એક સરસ રાઈટર છે, એમ તારા દરેક ટીમ મેમ્બર પાસે એક અનેરો ગુણ છે. જો તું દરેકના ગુણોને ઓળખીને એમની પાસેથી કામ લઈશ, તો તમારો પ્રોજેક્ટ એટલો સુંદર બનશે કે બધાને પ્રિય લાગશે, એકદમ ચોકલેટની માફક !"



થોડી ક્ષણો માટે અવી એકદમ ચૂપ થઈ ગયો. મમ્મીની વાત એને પસંદ તો પડી, પણ પાછો અંદર પડેલો ગુસ્સો ભભૂકી ઉઠ્યો, "પણ મમ્મી, હું કોઈ ખાવાની ચીજ થોડી છું ? અને મારી ટીમમાં કોઈને લખતા

# પ્રેઝન્ટેશન

નથી આવડતું !" એમ કહી, અવી પોતાની રૂમમાં ચાલી ગયો.

રૂમમાં પણ અવીને ચેન ના પડ્યું. થોડીવાર ચોપડીના પાનાં ફેરવ્યા અને પાછો ચોપડી બંધ કરીને બેસી ગયો. ત્યાં તો એને ક્રિકેટનો અવાજ સંભળાયો. એ લીવીંગ રૂમમાં જઈ, પપ્પા પાસે સોફા પર ગોઠવાઈ ગયો. થોડીવાર સુધી ટી.વી સ્ક્રીન પર તાકતો રહ્યો અને પછી અચાનક પપ્પાને કહ્યું, "પપ્પા, વિરાટ કોહલી વગર ઈન્ડિયાની ટીમ કશું જ ના હોત ને ?"

પપ્પા, અવી સામે જોઈને હસ્યા અને કહ્યું, "બેટા, ક્રિકેટ એક ટીમ સ્પોર્ટ્સ છે. કોઈપણ ટીમને સક્સેસફૂલ થવા માટે ટીમવર્કની જરૂર પડે. ટીમ મેમ્બર્સ વચ્ચે સુમેળ હોવો જોઈએ. જો બેટ્સમેન વચ્ચે સરખું કોમ્યુનિકેશન ના હોય તો વિકેટ પડતા વાર લાગે ? વિરાટ કોહલી ચોક્કસ એક ઉમદા પ્લેયર છે. પણ વિરાટ કોહલી કરતા પણ ઉમદા પ્લેયર્સ ટીમમાં હોય, અને જો દરેક પ્લેયર પોતાનું જ ચલાવવા જાય, તો એ ટીમ ક્યારેય સફળતા ના મેળવી શકે."

"પણ પપ્પા, વિરાટ આટલો સુપર્બ બેટ્સમેન છે, એટલે જ તો ટીમમાં બધા એનું સાંભળે છે."

"ના અવી. કોહલી એક ગ્રેટ પ્લેયર એટલા માટે છે કે એનામાં સ્પોર્ટ્સમેન શીપ છે, નહિ કે એટલા માટે કે એ સારો બેટ્સમેન છે. એક સ્પોર્ટ્સમેન પોતાની ટીમને પોતાના કરતા આગળ રાખે. પોતાની સફળતાનો નહિ, પણ ટીમની સફળતાનો વિચાર કરે."

ત્યાં તો કોમેન્ટેટરે એનાઉન્સ કર્યું, "એન્ડ, ઈન્ડિયા વિન્સ ધ મેચ !!"

ફટાકડાઓના અવાજથી આખું વાતાવરણ ગાજી ઉઠ્યું. અવી પણ ખૂબ ઉલ્લાસમાં આવી ગયો અને પપ્પાને ભેટી પડ્યો. ઈન્ડિયાની આવી અદ્ભૂત જીતથી અવીને ટીમવર્ક અને સ્પોર્ટ્સમેન શીપનું મહત્વ સમજાયું.

બીજા દિવસે ટીમવર્કમાં કામ કરવાનો નિશ્ચય કરીને, અવી સ્કૂલે પહોંચ્યો. પણ એના ટીમ મેમ્બર્સ એનાથી ખૂબ નારાજ હતા. કોઈ એની સાથે વાત નહોતું કરતું. જ્યારે ટીચરે પ્રોજેક્ટ પર કામ કરવાનો ટાઈમ આપ્યો, ત્યારે અવીની ટીમે એને બોલાવ્યો પણ નહિ.

"સોરી એવરીબડી ! મને ખબર છે કે તમે બધા મારાથી ખૂબ ગુસ્સે છો કારણકે હું તમારું સાંભળતો નહોતો અને મારું જ ચલાવવાની કોશિશ કરતો હતો. પ્લીઝ, મને માફ કરો." અવીએ દિલથી પોતાના ટીમ મેમ્બર્સ પાસે જઈને માફી માંગી.

પ્રેમ તરત જ ઊભો થઈને અવીને ભેંટી પડ્યો, "ઈટ્સ ઓ.કે યાર ! ફ્રેન્ડ્સમાં તો આવું બધું ચાલ્યા કરે. ચાલ, આપણે કામે લાગીએ. હવે, આપણી પાસે બહુ ટાઈમ નથી."

પ્રેમના આવકારથી અવીને હલકું લાગ્યું. એણે ધીમેથી પ્રેમને કહ્યું, "પ્રેમ, તે કહ્યું હતું ને કે મારી સ્ટોરીમાં કોઈ મોરલ વેલ્યુ નથી. આઈ થીંક યુ આર રાઈટ. મને લાગે છે કે આપણને તારા અનુભવોમાંથી જ આઈડ્યાસ મળશે."



"મારા અનુભવો ?," પ્રેમને આશ્ચર્ય થયું.

"હા !! નાના બાળકોની સેવા કરતા કરતા તને કેટલા બધા અનુભવ થતા હશે...," પહેલીવાર અવીએ પ્રેમના કામની કદર કરી હતી.

નાના બાળકોનું નામ સાંભળતા જ પ્રેમના ચહેરા પર એક અનોખું હાસ્ય ફરક્યું. ફ્રી ટાઈમમાં પ્રેમ, 'લીટસ એન્જલ્સ' નામની એક સંસ્થામાં સેવા આપવા જતો. પ્રેમ પાસે બાળકો સાથેના અઢળક અનુભવો હતા.

પ્રેમ પોતાના અનુભવ શેર કરી રહ્યો હતો, ત્યારે તશ્વી એના અનુભવોના સુંદર ચિત્ર બનાવવા લાગી. એક એક અનુભવને જોડીને એક સુંદર વાર્તા બની ગઈ.

તશ્વીના ચિત્રો જોઈને આખી ટીમ સ્તબ્ધ બની ગઈ.

"વાહ તશ્વી ! હવે મને સમજાયું કે એવું કેમ કહેવામાં આવે છે કે એક ચિત્ર હજાર શબ્દ બરાબર હોય છે. પ્રેમના અનુભવોની તાદ્રશ રજૂઆત આ ચિત્રોમાં છે !," અવી બોલ્યો, "હવે, હું આ ચિત્રોનું વર્ણન થોડા શબ્દોમાં કરું ?"

ટીમે અવીને લખવા માટે પ્રોત્સાહન આપ્યું.

એ સાંજે ખૂબ મન લગાવીને, તશ્વીના ડ્રોઈંગ જોઈને અવીએ સ્ક્રીપ્ટ તૈયાર કરી. ટીમવર્કમાં કામ કરવાનો અવીને એક અનેરો આનંદ આવી રહ્યો હતો. બીજા દિવસે એની સ્ક્રીપ્ટ વાંચીને ટીમ ખૂબ જ ઉત્સાહમાં આવી ગઈ. "ખરેખર અવી, તારા શબ્દોમાં જાદુ છે !" પ્રેમ બોલ્યો.

અવીની સ્ક્રીપ્ટ હાથમાં લઈને રિયાએ મોટેથી વાંચી સંભળાવી.

"વાઉ રિયા ! તેં તો સ્ટોરીને જીવંત કરી દીધી. તારે જ સ્ટોરી પ્રેઝન્ટ કરવી જોઈએ," અવી બોલ્યો. આખી ટીમ સહમત થઈ.

આખરે, એન્યુઅલ ફંકશનનો દિવસ આવી ગયો. રિયાનું પ્રેઝન્ટેશન જોઈને બધાનું હ્રદય ભરાઈ ગયું. તાળીઓના ગડગડાટ સાથે બધાએ ટીમનું સ્ટોરી પ્રેઝન્ટેશન વધાવી લીધું. અંતમાં, અવી અને એની ટીમ એક બીજાનો હાથ પકડી સ્ટેજ પર આવી અને મસ્તક ઝુકાવીને બધાનો આભાર માન્યો.

પડદો પડ્યો કે તરત અવી મમ્મી પાસે દોડ્યો.

"કેવું લાગ્યું પ્રેઝન્ટેશન મમ્મી ?"

"એકદમ ચોકલેટ જેવું, મારા દીકરા !" એમ કહી મમ્મીએ અવીને ફેવરીટ ચોકલેટ આપી. બંને એકબીજાની સામે જોઈને હસી પડ્યા.



આ વાત છે બે મિત્રોની. એક મિત્ર અંધ છે અને બીજા મિત્રને બે હાથ નથી. આમ જોવા જઈએ તો બંને જણ અપંગ છે. પણ બંનેની જોડી એવી પ્રબળ છે કે એમને સાથે મળીને, નોર્થ ચાઈનાના એક ઉજ્જડ ગામને, વૃક્ષારોપણ કરીને હર્યુ-ભર્યુ કરી નાખ્યું છે. આવો મળીએ ચાઈનીસ રહેવાસીઓ જિયા હાક્સિયા અને જિયા વેન્કીને

હાક્સિયા જમણી આંખે પહેલેથી જ અંધ હતા. સાલ ૨૦૦૦માં એક અકસ્માતમાં એમની ડાબી આંખ પણ જતી રહી. વેન્કી જ્યારે ત્રણ વર્ષના હતા, ત્યારે એક અકસ્માતમાં એમણે પોતાના બંને હાથ ગુમાવી દીધા હતા. બંનેએ એકબીજાની મદદથી ગુજરાન ચલાવવનું નક્કી કર્યું.

૨૦૦૧ની સાલમાં બંનેએ સરકાર પાસેથી આઠ એકર જમીન ભાડે લીધી. યેલી નદીને કિનારે આવેલી જમીનમાં ખડક અને ઘાસ સિવાય કંઈ નહોતું. આ જમીનમાં વૃક્ષો રોપવાનું કામ આ જોડીએ માથે લીધું. બદલામાં સરકારે બંનેને વેતન આપવાનું મંજૂર કર્યું.

હાક્સિયા અને વેન્કીએ ક્યારેય નહોતું વિચાર્યુ કે તેઓ એ ઉજ્જડ જગ્યાને લગભગ ૧૦,૦૦૦ વૃક્ષોથી ભરેલું એક સુંદર સ્થળ બનાવી દેશે. જેમાં પશુ-પંખીઓ આરામથી રહી શકશે. એટલું જ નહિ, પણ આ કાર્યથી તેઓએ ગામને ચોમાસામાં આવતા પૂરથી પણ બચાવ્યું છે.

બંને મિત્રો વચ્ચે એ વો સુંદર સુમેળ છે કે તેઓ હંમેશા એકબીજાની ક્ષમતાને લક્ષમાં રાખીને કામ પૂરું પાડે.

ખૂબ મહેનત કરવા છતાંય, આ જોડી મુશ્કેલીથી પોતાનું ગુજરાન ચલાવે છે. પણ છતાંય બંનેને જરાય અફસોસ નથી. તેઓ કહે છે, "અમે અમારા પગ પર ઊભા છીએ. ખાવાનું ભલે સાદું મળે છે, પણ અમારા દિલમાં શાંતિ છે."

મિત્રો, એકબીજાના પુરક બનીને કામ કરવાનું આ કેવું સુંદર ઉદાહરણ છે.



# રીઅલ લાઈફ સ્ટોરી



# ક્રાફ્ટ એક્ટીવીટી





સૌ પ્રથમ ચોરસ ક્રાફ્ટ પેપર લો.




તેને ચારેય બાજુથી સરખા પ્રમાણમાં ફોલ્ડ કરો




ત્યારબાદ પેપર ખોલી ક્રોસમાં બન્ને સાઈડથી વાળો.





બન્ને સાઈડ ફોલ્ડ કરી ઉપરથી વાળો.




ઉપરથી બન્ને સાઈડથી જોઈન્ટ કરો





ત્રીકોણની ઉપરની બન્ને સાઈડથી હાફ વાળીને નાનું ત્રીકોણ બનાવો.





ત્યારબાદ ત્રીકોણને ઉલટાવો.




ત્રીકોણની ટોચને એવી રીતે વાળો કે થોડું બહારની સાઈડ જાય.




બહાર નીકળેલ ત્રીકોણને ઉપર બતાવેલ એરો પ્રમાણે વાળો.





ઊંધુ ફેરવી નાના ગોળમાં જે ત્રીકોણ છે તેને ગમથી ચીપકાવો.




તમારું ફેવરીટ બટરફ્લાય તૈયાર.








બાજુમાં આપેલા ચોકઠામાં આડી અને ઊભી લાઈનમાં ઉપરના આપેલા સર્કલમાંથી ચિત્ર એવી રીતે ગોઠવો કે આડી કે ઊભી લાઈનમાં કોઈ ચિત્ર રીપીટ ના આવે.



# ચાલો રમીએ...

બાજુમાં આપેલ ચોરસ બોક્સમાં કેટલા ચોરસ અને ગોળ છે તેની ગણતરી કરી નીચેના ગોળ અને ચોરસમાં લખો.





# ઐતિહાસિક ગૌરવગાથા



શ્રીપુર નામના નગરમાં શ્રીપતિ નામના ધર્મિષ્ઠ શેઠ રહે. તેમને કમલ નામનો એક પુત્ર. તે બધી કળામાં નિપુણ પણ ધર્મથી સદા દૂર રહે. જ્યાં દેવ-ગુરુનું નામ આવે ત્યાં તે ઊભો ના રહે.

એકવાર શેઠે તેને શિખામણ આપતા કહ્યું, "દીકરા, બહોંતેર કળામાં આપણે નિપુણ હોઈએ, છતાં જો ધર્મકળા ન જાણતા હોઈએ તો આપણે અજાણ કહેવાઈએ. સર્વ કળામાં શ્રેષ્ઠ તો ધર્મકળા જ છે."

કમલે કહ્યું, "આપણે કોઈનું ખરાબ ન કરીએ, એ ધર્મ જ છે ને ? સ્વર્ગ અને મોક્ષ બધું અહીં જ છે. કેટલીક વાર તો ધર્મની વાત કરનારા ધર્મના નામે પોતાના સ્વાર્થને જ સાધે છે. તમને ગમે તો તમે ધર્મ કર્યા કરો. મારા ગળે તમારી આ વાત ઉતરતી નથી." આમ કહી તે બહાર ફરવા નીકળી જતો.

એકવાર શેઠે કહ્યું, " તું મારી સાથે ગુરુમહારાજના દર્શને ચાલ. સાંભળવાથી કોઈ ચોંટી જતું નથી." આમ સમજાવી તેને ગુરુમહારાજ પાસે લઈ ગયા.

ગુરુમહારાજે કહ્યું, " જો ભાઈ ! હું તને એક ધર્મકથા કહું છું. બરાબર સાંભળજે, ન સમજાય તો પૂછજે."

ધર્મકથા કહી ગુરુજીએ પૂછ્યું, "તને સમજણ પડી ને ?"

તેણે કહ્યું " જી મહારાજ. થોડી પડી અને થોડી ન પડી, કેમકે તમે બોલતા હતા, ત્યારે તમારા ગળાની હાડકી ઊંચી-નીચી થતી હતી, તે મેં એકસો



આઠ વાર તો ગણી . પછી તમે ઉતાવળે બોલવા લાગ્યા એટલે ગણવું મુશ્કેલ થઈ ગયું."

શેઠ નિરાશ થઈ ગયા. થોડા સમય બાદ તેઓ એને એક બીજા ધર્મગુરુ પાસે લઈ ગયા. તેમણે કમલની વાત શેઠ પાસેથી સાંભળી હતી, એટલે ધર્મગુરુએ કમલને કહ્યું, "તારે અમારી સામે જોવાની જરૂર નથી. તું તારે અમારા ઉપદેશમાં ધ્યાન રાખજે."

ઉપદેશ પૂર્ણ થયા બાદ એમણે પૂછયું, "કંઈ સમજાયું કે?"

તેણે કહ્યું, "જી મહારાજ, આપે ઉપદેશ શરૂ કર્યો ત્યારથી અત્યાર સુધીમાં એક હજારને આઠ કીડીઓ આ દરમાં ગઈ છે. તે મેં બરાબર ગણી છે."

એની અસભ્યતા જોઈ, ત્યાં બેઠેલા માણસોએ તેને ઠપકો આપ્યો. કમલ ઊઠીને ચાલ્યો ગયો. શેઠ ફરી નિરાશ થયા.

એકવાર તે ગામમાં બહુ મોટા આચાર્ય પધાર્યા. શેઠ કમલને સમજાવીને એમની પાસે લઈ ગયા. આચાર્યશ્રીએ કમલની વિચિત્રતા જાણી. તેમણે કમલને લાગણીપૂર્વક બોલાવ્યો અને અવસર મળતાં "પાછો આવજે" એમ કહ્યું,

કમલ એક વાર એમની પાસે જઈ ચઢ્યો. આચાર્યશ્રીએ કમલને કહ્યું, "તું શું જાણે છે?"

કમલે કહ્યું, "હું તો માત્ર સ્ત્રીને જાણું છું."

આચાર્યશ્રીએ અકળાયા વિના પાછું પૂછયું, "સતી સ્ત્રીના લક્ષણ જાણે છે?"

તેણે કહ્યું, "થોડુંક જાણું છું પણ આપ કહો તો મારા જ્ઞાનની વૃદ્ધિ થશે."

આચાર્યશ્રીએ સતી સ્ત્રીની વાતો કહી. તેમના મહાપતિવ્રતા ગુણ અને દ્રઢ મનોબળની વાતો કરી. આ સાંભળી કમલ મહારાજની વાતમાં લટ્ટું થઈ ગયો અને મહારાજને આદરથી જોવા લાગ્યો.

એમ કરતાં મહીનો પૂરો થયો. મહારાજનો ત્યાંથી જવાનો સમય થયો. તેમણે કમલને કહ્યું, "ભાઈ! અમે હવે જઈશું. માટે તું કંઈક નિયમ લે."

આ સાંભળી વ્યંગ કરવાના સ્વભાવવાળો કમલ બોલ્યો, "સાહેબ, મારે તો ઘણા બધા નિયમો છે. આપઘાત નહીં કરવાનો, થોરનું દૂધ નહીં પીવાનો, આખું નાળિયેર નહીં ખાવાનો, બીજાનું ધન લઈ પાછું નહીં આપવાનો વગેરે ઘણા નિયમો છે."

આચાર્યશ્રી બોલ્યા, "કમલ, અમારી સામે આમ બોલવું તને શોભતું નથી. ગુરુઓની હાસી કરવાથી ભવ જ વધે છે. નિયમ વગરનો માણસ, માણસ જ નથી. એકાદ નિયમ લઈશ તો સદા માટે તને અમારું સ્મરણ રહેશે.



માટે કંઈક નિયમ તો લે જ."

આ સાંભળી કમલ બોલ્યો, "ઠીક છે સાહેબ, ત્યારે કરાવો નિયમ કે અમારી પડોશમાં રહેતા જગા કુંભારની

માથાની ટાલ જોઈને જ મોઢામાં કંઈ નાખવું.''

આચાર્યદેવે આ પણ લાભનું કારણ જાણી નિયમ કરાવ્યો અને તેને બરાબર પાળવા ભલામણ કરીને ત્યાંથી ગયા. કમલ આ નિયમને નિષ્ઠાથી પાળવા લાગ્યો.

એકવાર રાજદરબારે ગયેલા કમલને પાછા ફરતા મોડું થઈ ગયું. તે જમવા બેસતો જ હતો, ત્યાં એની માતાએ તેને યાદ કરાવ્યું કે આજે એણે જગા કુંભારની ટાલ નથી જોઈ. કમલને ખૂબ ભૂખ અને થાક લાગ્યા હતા પણ નિયમનો ભંગ ન થવો જોઈએ, એ માટે તે કુંભારની ટાલ જોવા ઉઠ્યો. પણ બાજુમાં તપાસ કરતાં ખબર પડી કે જગા કુંભાર તો બાજુના ગામમાં માટી લેવા ગયા છે. તેથી તે પણ ઉપડ્યો તેની તપાસમાં. તે ફરી ફરીને કંટાળી ગયો, પણ ક્યાંય જગો જડે નહીં. ટાલ જોયા વિના જમાય પણ નહીં. હિંમત ન હારતાં તે આગળ ચાલતો રહ્યો.

ત્યાં એક મોટા ખાડામાં માટી ખોદતો જગો દેખાયો. તડકામાં કપડું બાંધ્યા વગર જગો માટી ખોદતો હતો, તેથી તરત જ એની ટાલ દેખાઈ.

કમલ આનંદમાં આવી ગયો અને જોરથી બોલી ઊઠ્યો, ''જોઈ લીધી રે જોઈ લીધી.''

એ જ વખતે કુંભારને માટી ખોદતાં ધન ભરેલી માટલી દેખાઈ. કમલની બૂમ એને તે જ વખતે સંભળાઈ. કુંભાર સમજ્યો કે કમલે આ ધનની માટલી જોઈ લીધી છે. જો તે રાજાને જાણ કરશે તો બધુંયે ધન જતું રહેશે અને ઉપરથી ઉપાધિ આવશે. માટે કમલને સમજાવી દેવાથી ધનનો આવેલ લાભ મળી રહેશે.

આવા વિચારથી કુંભારે ઊંચે હાથે કમલને ઊભા રહેવા બૂમ મારી, કમલ કહે, ''હવે શું? હવે તો જોઈ લીધી.''

કુંભારને વિશ્વાસ થઈ ગયો કે આણે ધનની માટલી ખરેખર જોઈ લીધી છે. એટલે એણે કમલને સમજાવતાં કહ્યું, ''તે ભલે આ ધનની માટલી જોઈ પણ તું બીજા કોઈને કહીશ નહીં. આ ધન આપણે બંન્ને અડધોઅડધ વહેંચી લઈશું.'' અને બંનેએ ધન વહેંચી લીધું. એ ધનાઢ્ય થઈ ગયો. ધન લઈ એ ઘરે આવ્યો. હવે તે વિચારવા લાગ્યા કે આ બધો પ્રતાપ તો ગુરુ મહારાજનો છે. મશ્કરીમાં લીધેલ નિયમથી આવો લાભ થયો, તો સાચા અંતઃકરણથી નિયમ લેવામાં આવે તો કેટલો બધો લાભ થાય?

આમ શ્રદ્ધા થવાથી તેણે કેટલાક નાના નિયમો લીધા. ધીમે ધીમે એણે મોટા નિયમો પણ લીધા અને એનું બરાબર પાલન કરવા લાગ્યો. આમ ધર્મ આરાધી તે અવસાન થતાં સ્વર્ગે ગયો.



# મીઠી યાદેં



દાદાદર્શન, અમદાવાદમાં, નીરૂમાના બેડરૂમમાં નાના નાના ભગવાનની પ્રતિમાઓ હતી. તેમાં આરસના પાંચ નાના ગણપતિજી હતા.

એક દિવસ, એક સેવાર્થી બહેન, નીરૂમાના રૂમની સફાઈ કરતા હતા. સફાઈ કરતા, એમનાથી બે ગણપતિજીની પ્રતિમાઓ પડી ગઈ અને ભાંગી ગઈ. નીરૂમાને આ વાતની જાણ કરવાનું એ બહેન ભૂલી ગયા.

થોડા દિવસ પછી નીરૂમા, દાદાદર્શન રહેવા આવ્યા. રૂમમાં મૂર્તિઓ ઓછી દેખાઈ એટલે એમણે એ બહેનને મૂર્તિઓ વિષે પૂછ્યું.

"નીરૂમા, સફાઈ કરતા મારાથી એ મૂર્તિઓ ભાંગી ગઈ," બહેને નીરૂમાને જણાવ્યું.

એ બહેનના દિલને સહેજ પણ દુઃખ ના પહોંચે તેમ, "કશો વાંધો નહિ," કહી, નીરૂમાએ વાતને પતાવી દીધી.

આમ, કોઈપણ વ્યક્તિથી કંઈપણ નુકસાન થાય, ત્યારે એ વ્યક્તિનું દિલ ના તૂટે તે જ નીરૂમાના લક્ષમાં રહે.

**જોયું મિત્રો, જ્ઞાનીઓનો પ્રેમ કેવો ગજબનો હોય છે કે સામાને પોતાની ભૂલનો સ્વીકાર કરવાનો પણ સંકોચ ના રહે.**

# અને છેલ્લે છેલ્લે....



એક વાર, એક સરકસમાં વાઘનું પાંજરું ભૂલથી ખુલી ગયું, અને વાઘ બહાર ધસી આવ્યો, નાસભાગ મચી ગઈ. ખૂબ પ્રયત્નના અંતે વાઘ પકડાયો ત્યારે ખબર પડી કે અનેક લોકો ધક્કામુક્કીના કારણે, તો કેટલાક લોકો વાઘના કારણે ઓછી વત્તી ઈજા પામ્યા હતા. પરંતુ એક માણસ જે પાંજરાની એકદમ નજીક હતો, તેને કંઈ કરતા કંઈ જ ના થયું. તેને પૂછવામાં આવ્યું કે તું કઈ રીતે બચી ગયો?

તે માણસે કહ્યું, ''મેં તો એક જ કામ કર્યું હતું. જેવો વાઘ પાંજરામાંથી બહાર નીકળ્યો કે તરત હું પાંજરામાં દોડી ગયો હતો. વાઘને પાંજરું ગમતું નહીં હોવાથી જ તે બહાર આવ્યો, નહીંતર પાંજરું ખુલ્લું હોય તો પણ તે અંદર જ બેસી રહે. તેથી એક વાત તો નક્કી જ હતી કે તે સ્વેચ્છાએ તો પાછો પાંજરામાં આવવનો જ નહોતો. એટલે મેં વિચાર્યું કે મારી મહત્તમ સલામતી પાંજરામાં જ છે.''

માણસનો જવાબ સાંભળી, ત્યાં ઉભેલા બધા એની બુધ્ધિમત્તા પર ખુશ થઈ ગયા.





# પઝલના જવાબો

૮૪

૩૩

ખુશ ખબર...
ખુશ ખબર...
ખુશ ખબર...

**વાહ..અક્રમ એક્સપ્રેસનો આ અંક કેટલો મસ્ત મજાનો હતો.**

**હજી વધું જાણવું છે ?**

ગેમ્સ,વાર્તાઓ,ફોટાઓ
અને મ્યુઝિક...
અને બીજું ઘણું બધું...
ફક્ત એક ક્લિક જ
કરવાની છે...આ છે
Kids.dadabhagwan.org






ચાલો, હું તમને આ વેબસાઈટ પરના મારા ફેવરેટ સેક્શન દેખાડું.



વીડીઓ



વાર્તાઓ



ગેમ્સ



કીડ્સ બ્લોગ

તમે અમારી સાથે સોશિયલ મીડીયા જેવા કે f અને G+ દ્વારા પણ જોડાઈ શકો છો.

Akram Express

January 2017
Year : 9, Issue : 5
Conti. Issue No.: 101

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# છે ને મજાની વાત...? તમારી વિગતો ભરી રજીસ્ટર થાઓ અને ન્યુઝલેટર દ્વારા મેળવો અમારા રેગ્યુલર અપડેટ્સ..




**થોડા જ સમયમાં તમને તમારી ફેવરેટ વેબસાઈટ નવા કલર્સ, નવી ડીઝાઈન, નવી ગેમ્સ અને એક્ટીવીટીઝ સાથે જોવા મળશે.**

## kids.dadabhagwan.org

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.